# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- ગાંધીનગરમાં ચાલી રહેલી રિ-ઇનવેસ્ટ મીટમાં વર્ષ 2030 સુધીમાં 32.45 લાખ કરોડના રોકાણ પ્રતિબધ્ધ થયા..
- ભાવનગરમાં રાજ્યના પ્રથમ અન્નપૂર્તિ મશીનનું કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણિયા અને ભીખુસિંહ પરમારના હસ્તે લોકાર્પણ..
- રાજ્યભરમાં આજથી શરૂ થઇ સ્વચ્છતા હી સેવા પખવાડિયાની ઉજવણી.. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત 55 જેટલી સેવાઓનો નાગરિકોને અપાશે લાભ..
- અમદાવાદ, વડોદરા અને સુરત સહિત રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને તકેદારી સાથે યોજાયું ગણેશ મૂર્તિઓનું વિસર્જન..
- અંબાજીના મેળા દરમિયાન ગુજરાતીમાં પ્રથમ વખત શ્રી યંત્ર સ્તુતિનું થયું લોકાર્પણ..

------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## RE INVEST PRAHLAD JOSHI

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ આજે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં યોજાયેલી રીન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર મીટની ચોથી આવૃત્તિમાં રોકાણકારોએ 2030 સુધીમાં પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટ્સમાં કુલ 32 લાખ 45 હજાર કરોડનાં રોકાણની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી જોષીએ જણાવ્યું કે, વિવિધ રાજ્ય સરકારો અને ખાનગી ઉત્પાદકોએ વર્ષ 2030 સુધીમાં સૌર અને પવન ઊર્જા સહિતનાં અક્ષય ઊર્જા ક્ષેત્રોમાં નોંધપાત્ર રોકાણ કરવાની ખાતરી આપી છે. તેમણે જણાવ્યું કે, ઊર્જા ક્ષેત્રમાં તાજેતરમાં આવેલા પરિવર્તનનાં મોજામાં ભારત અગ્રણી રહ્યું છે અને હવે લોકોમાં પુનઃપ્રાપ્ય ઊર્જા અંગે જાગૃતિ ફેલાવવાનો સમય આવી ગયો છે.

ગુજરાતમાં આ ક્ષેત્રે થઇ રહેલી કામગીરી અંગે બોલતા રાજ્યના ઉર્જા મંત્રી કનુ દેસાઇએ જણાવ્યું હતું કે, 100 ગીગા વોટની કામગીરી પૂર્ણ કરવામાં ગુજરાત આગળ વધી રહ્યું છે..

**(બાઇટ- કનુ દેસાઇ, ઉર્જા મંત્રી)**

આવતીકાલે રિ- ઇન્વેસ્ટ મીટના સમાપન સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ઉપસ્થિત રહેશે.

## BHAVNAGAR- ANAJ ATM

કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયા અને રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારે રાજ્યના પ્રથમ અન્નપૂર્તિ મશીનનું લોકાર્પણ કર્યુ.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, અનાજના એ. ટી. એમ દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર ઘઉ તથા ચોખાનો જથ્થો તેમના આધાર આધારિત બાયોમેટ્રિક

પધ્ધતિ દ્વારા મળી શકશે. તેમણે ઉમેર્યું કે, **ટેક્નોલોજી** સાથે સુમેળ સાધીને "અન્નપૂર્તિ" અનાજ એ.ટી.એમના માધ્યમથી જાહેર વિતરણ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ, પારદર્શક તથા સુગમ્ય બનવા તરફ જઈ રહી છે.

રાજ્યમંત્રી ભિખુસિંહ પરમારે જણાવ્યું હતું કે, અન્નપૂર્તિ મશીન થકી લાભાર્થીઓને ઓછું અનાજ તથા અમુક અનાજ નહિ મળતા હોવાની ફરિયાદ દૂર થશે. આ ઉપરાંત લાભાર્થી 24 કલાકમાંથી ગમે ત્યારે જરૂરી રાશન મેળવી શકશે.

# GUJ. PM BIRTHDAY PROGRAM

૧૭મી સપ્ટેમ્બર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિને રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન, સેવા સેતું કાર્યક્રમ અને એક પેડ મા કે નામ અંતર્ગત કાર્યક્રમ યોજાયા.

ગાંધીનગરમાં એક પેડ માં કે નામ અભિયાન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સચિવાલય પરિસરમાં વૃક્ષારોપણ કર્યું.. તો આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પથિકા આશ્રમ ડેપોમાં શ્રમદાન કર્યું.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા અમદાવાદના સાણંદ બસ સ્ટેશન ખાતે શ્રમદાન કરી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બન્યા..

અમદાવાદમાં સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' અભિયાનનો પ્રારંભ કરાવ્યો, તો દસક્રોઈમાં સેવા સેતુ કાર્યક્રમના દસમા તબક્કાનો શુભારંભ થયો..

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ ઝુંબેશનો શુભારંભ કરાયો. "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત શહેરમાં અંદાજે 4 લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

સુરેન્દ્રનગર જિલ્લામાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ શ્રમદાન કર્યું અને વૃક્ષારોપણ પણ કર્યું.

સાબરકાંઠામાં સાંસદ શોભના બારૈયાની ઉપસ્થિતિમાં “સ્વચ્છતા હી સેવા” અભિયાનનો પ્રારંભ કરાયો..

મહેસાણાના જોરણક ગામે જિલ્લા કલેકટરે જિલ્લા કક્ષાના "સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ"નો પ્રારંભ કરાવ્યો. તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો.

બોટાદ જિલ્લાના ઉમરાળા ગામે સ્વચ્છતાની સારી કામગીરી બદલ ઉમરાળા ગ્રામ પંચાયત અને સ્વચ્છતા કર્મચારીઓને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું. આગેવાનો દ્વારા વૃક્ષ વાવેતર અને સ્વચ્છતા અંગે લોકોને માર્ગદર્શન અપાયુ. તો જાળીલા ગામે કલ્સ્ટર કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો.

આ ઉપરાંત, વડોદરાના પાદરા તાલુકામાં 55 દીકરીઓને વ્હાલી દિકરી યોજનાના લાભોનું વિતરણ કરાયુ.

ભરૂચના ભોલાવ એસટી ડેપોમાં સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું તો ભરૂચ નગરપાલિકાનો "સેવા સેતુ" કાર્યક્રમ ધારાસભ્યની અધ્યક્ષતામાં યોજાયો.

દીવની આઠ ગ્રામ પંચાયતો દ્વારા સ્વચ્છતા હી સેવા પખવાડાનો પ્રારંભ કરાયો.

છોટાઉદેપુર જિલ્લાના નાલેજ ગામે "એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

બનાસકાંઠા જિલ્લાના ચીભડાં ગામે ધારાસભ્યની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું, વન વિભાગ દ્વારા અંદાજે 500 રોપાનું વાવેતર તેમજ 3 હજાર રોપાનું વિતરણ કરવામાં આવ્યું.

પંચમહાલ, અરવલ્લી, નવસારી, નર્મદા, જામનગર, ભાવનગરમાં અગ્રણીઓ દ્વારા શ્રમદાન તેમજ વૃક્ષારોપણના કાર્યક્રમ પણ યોજાયા.

અમદાવાદના આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રમાં પણ સફાઇ અભિયાન યોજાયુ હતું અને કર્મચારીઓએ સ્વચ્છતાના શપથ લીધા હતા.

ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતા હી સેવા અને સેવા સેતુ કાર્યક્રમ આગામી 31 ઓક્ટોબર સુધી ચાલશે..

# BJP PRESS ON PM 100 DAYSA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળની સરકારને શાસનના સો દિવસ પૂર્ણ થયા છે. ત્યારે ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ મહામંત્રી રજની પટેલે જણાવ્યું હતું કે,  યુવા મોરચા દ્વારા સામાજિક સંસ્થાઓ બ્લડ બેન્કો અને પ્રદેશની આરોગ્ય વિભાગની ટીમોના સંકલનથી રક્તદાન શિબિર યોજાઇ રહી છે..

**(બાઇટ- રજની પટેલ- પ્રદેશ મહામંત્રી)**

તેમણે ઉમેર્યું કે, ૨૩ સપ્ટેમ્બરે આયુષ્માન ભારત યોજનાની શરૂઆતના દિવસે, દરેક વિધાનસભા મતવિસ્તારમાં ૬૦ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે નિશુલ્ક તબીબી પરિક્ષણ શિબિર પણ યોજાશે.

# GANESH VISARJAN

રાજ્યભરમાં દસ દિવસ સુધી યોજાયેલા ગણેશોત્સવનું આજે અનંત ચતુર્દશીએ સમાપન થયું છે. ગણેશજીની પૂજા, અર્ચના અને આરાધના બાદ ભારે હૈયે ગણેશ ભક્તોએ તેમનું વિસર્જન કર્યું. શહેરોમાં વહીવટી તંત્ર દ્વારા કરાયેલા કૃત્રિમ કુંડમાં તેમજ અન્ય સ્થળોએ તળાવ અને નદીઓમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ગણેશની પ્રતિમાઓનું વિસર્જન કરાયું.

સાબરકાંઠા જિલ્લમાં ગણેશોત્સવ ઉજવ્યા બાદ આજે બાપાને ડીજે, ઢોલ અને નગારાના તાલ સાથે વિદાય આપવામાં આવી.

નવસારીના વાંસદા તાલુકામાં શાંતિપૂર્ણ માહોલમાં 500 થી વધુ શ્રીજીની મૂર્તિઓનું વિસર્જન કરાયું..

તાપી, વલસાડ, જામનગર સહિત ઠેર ઠેર બાપાને શ્રધ્ધાપૂર્વક વિદાય આપવામાં આવી..

ગણેશ વિસર્જન દરમિયાન રાજકોટના ત્રંબા પાસેની ત્રિવેણી નદીમાં વિસર્જન દરમિયાન ચાર લોકો ડૂબ્યાં હતા જેમાંથી ત્રણને સ્થાનિક લોકોએ બચાવ્યા હતા જ્યારે એકની હાલત ગંભીર જણાતા તેને રાજકોટ સારવાર માટે ખસેડાયો હતો. આ ઉપરાંત ભાવનગરના કોટિયાર્કના દરિયામાં પણ એક વ્યક્તિ ડૂબતા તેને ફાયરબ્રિગેડના જવાનોએ બચાવી લીધો હતો..

## AMABJI- SHRI STUTI

અંબાજીમાં ભાદરવી પૂનમ મહામેળામાં છઠ્ઠા દિવસે જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના હસ્તે શ્રી યંત્રની સ્તુતિ અને આઠ પ્રકારના દ્રવ્યોથી નિર્મિત ગંધાષ્ટકમ માતાજીને અર્પણ કરવામાં આવ્યું. ચાચર ચોકમાં હજારો માઈભક્તોની ઉપસ્થિતિમાં માતાજીને સ્તુતિ અને અત્તર અર્પણ કરાતાં સમગ્ર ચાચર જય અંબેના નાદથી ગુંજી ઉઠ્યો હતો. સરળ સાદી ગુજરાતી ભાષામાં લખાયેલી આ સ્તુતિ ભાવિક શ્રદ્ધાળુઓની આસ્થાને નવી ઊર્જા પૂરી પાડશે. કોઈપણ શ્રી યંત્ર માટે ગુજરાતી ભાષામાં લખાયેલી આ પ્રથમ સ્તુતિ છે.

## CM SINGAPORE CONSULATE GENERAL

સિંગાપોર પ્રજાસત્તાકના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ ચેઓંગ મિંગ ફૂંગ અને તેમના પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત

લીધી. રાજ્યમાં યોજાઇ રહેલી ચોથી રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટ સમિટમાં આ પ્રતિનિધીમંડળ સહભાગી થયુ છે.

સિંગાપોરના કોન્સ્યુલ જનરલે ગુજરાત સાથે આર્થિક અને પુનઃપ્રાપ્ત ઉર્જા, શહેરી વિકાસ તથા સેમીકોન સેક્ટરમાં સહભાગી થવાની ઉત્સુકતા દર્શાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં રોકાણ કરવા તથા સંબંધો વધુ સુદ્રઢ બનાવવા પરસ્પર વાતચીતની હિમાયત કરી હતી. આ ઉપરાંત, સિંગાપોર ગુજરાત વચ્ચે સિંગાપોર એરલાઇન્સની વધુ સેવાઓ વિકસાવવા અંગેની માહિતી પણ કોન્સ્યુલ જનરલે આપી હતી.

## PANCHMAHAL- SADHAN SAHAY

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં જિલ્લા કક્ષાનો દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો. આ કેમ્પમાં 283 જેટલા લાભાર્થીઓને 21 પ્રકારના સાધનોની સહાય પૂરી પાડવામાં આવી હતી.. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા 75 જગ્યાએ આ કેમ્પનું આયોજન કરાયું હતું..

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સહિત અન્ય અધિકારીશ્રીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.